# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 26-06-2025** **EVENING: 7.50 TO 8.00**
**Day : THURSDAY** **National News**

આકાશવાણી સમાચાર **રીટા દવે** વાંચે છે.

****************************************************

1) એક્સિઓમ ફોરના સભ્યોને લઈ ગયેલું અવકાશયાન આંતરરાષ્ટ્રીય અવકાશમથક સાથે જોડાતા ભારતે ઇતિહાસ રચ્યો
2) કેન્દ્રીય રાજ્યમંત્રી ડૉ. જિતેન્દ્ર સિંઘે કહ્યું, સમગ્ર વિશ્વ શુભાંશુ શુક્લાને ઉત્સાહ અને ઉમંગ સાથે જોઈ રહ્યું છે
3) ભારતે S.C.O.ના સંરક્ષણ મંત્રીઓની બેઠકમાં સંયુક્ત ઘોષણાપત્ર પર હસ્તાક્ષર કરવાથી ઈનકાર કર્યો.
4) કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે કહ્યું, હિન્દીને બીજી ભાષાઓની હરીફ ભાષા ન ગણવી જોઈએ
5) અમદાવાદમાં દુર્ઘટનાગ્રસ્ત થયેલા વિમાનના બ્લેકબૉક્સમાંથી દુર્ઘટનાનું કારણ જાણવા માટે ડેટા કઢાયો

.............................................................

સમાચારને અંતે (આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા )

(હવે પછી આપ આવતીકાલે સવારે સાત વાગીને 10 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો)

# AXIOM DOCKED

એક્સીઓમ ફોર મિશનના સભ્યોને લઈ ગયેલું સ્પેસએક્સ ડ્રેગન અવકાશયાન આજે બપોરે ચાર વાગ્યે આંતરરાષ્ટ્રીય અવકાશ મથક- I.S.S. સાથે જોડાયું. આ સાથે જ ભારતે આજે ઇતિહાસ રચ્યો છે. યાનના ચાલક દળના ચાર સભ્યમાં ભારતીય વાયુસેનાના ગૃપ કેપ્ટન શુભાંશુ શુક્લા પણ સામેલ છે. સાથે જ 41 વર્ષ બાદ અવકાશમાં ભારતના કોઈ અવકાશયાત્રી પહોંચ્યા છે.

એક્સિયમ- ફોર મિશન માત્ર એક વૈજ્ઞાનિક સિદ્ધિ જ નહીં, પરંતુ વૈશ્વિક ટૅક્નોલૉજી મહાશક્તિ તરીકે ભારતના વધતા કદનો પણ પૂરાવો છે. શુભાંશુ શુક્લા ભોજન અને અવકાશ પોષણથી સંબંધિત અદ્યતન પ્રયોગ કરશે. અમેરિકી અવકાશ સંસ્થા- નાસાના સહકારથી ભારતીય અવકાશ સંશોધન સંગઠન- ઈસરો અને જૈવ ટૅક્નોલૉજી વિભાગ- D.B.T. વચ્ચ સહકાર હેઠળ વિકસિત આ પ્રયોગોનો ઉદ્દેશ ભવિષ્યના લાંબા સમયગાળાની અવકાશયાત્રા માટે મહત્વની પહેલ, લાંબા સમય સુધી ચાલનારી જીવન-સહાયક પ્રણાલિઓની સમજને વધારવા માટે છે.

. . . . . . . . . . .

# REV.AXIOM JITENDRA SINGH

વિજ્ઞાન અને ટેક્નોલૉજી મંત્રી ડૉક્ટર જિતેન્દ્ર સિંઘે ભારતીય વાયુ સેનાના ગૃપ કેપ્ટન શુભાંશુ શુક્લા અને એક્સિઓમ ફોર મિશન ટીમને

આંતર-રાષ્ટ્રીય અવકાશ મથક- I.S.S.માં સફળતાપૂર્વક જોડાવવા બદલ અભિનંદન પાઠવ્યા છે. માધ્યમો સાથે વાત કરતા શ્રી સિંઘે કહ્યું, શુભાંશુ શુક્લા I.S.S.ના પ્રવેશદ્વાર પર ઉભા છે અને 14 દિવસના પ્રવાસ માટે પગલું ભરવાની રાહ જોઈ રહ્યા છે. જ્યારે સમગ્ર વિશ્વ તેમને ઉત્સાહ અને ઉમંગ સાથે જોઈ રહ્યું છે.

**( BYTE- JITENDRA SINGH ON SPACE )**

મિશનમાં ભારતની મહત્વની ભૂમિકાનો ઉલ્લેખ કરતા તેમણે કહ્યું, અભિયાનના મહત્વના ભાગ, ખાસ કરીને જીવ-વિજ્ઞાનથી સંબંધિત, કોઈ પણ આવાસ, સુક્ષ્મ ગુરુત્વાકર્ષણ અને અવકાશમાં માનવ શરીર વિજ્ઞાન પર વિવિધ પ્રભાવની ક્ષમતાની શોધ કરવા તેમની પર વિશ્વાસ મૂકાયો છે. શ્રી સિંઘે કહ્યું, સમગ્ર વિશ્વમાં ભવિષ્યના તમામ અભિયાન પર આનો મહત્વનો પ્રભાવ પડશે. ડૉક્ટર સિંઘે ઉમેર્યું, શુભાંશું શુક્લા દ્વારા યોજાનારા પ્રયોગ અને અવલોકન ભારતને અવકાશ, ખેતી, અવકાશ જીવ વિજ્ઞાન અને અવકાશ ચિકિત્સા ક્ષેત્રમાં આગળ વધારશે. તેમણે કહ્યું, ભારત પહેલા જ વૈશ્વિક મંચ પર મજબૂતીથી ઉપલબ્ધ છે અને આ ઐતિહાસિક પગલું તેમની સ્થિતિને વધુ મજબૂત કરશે.

. . . . . . . . . . .

# NIRMALA SITHARAMAN-GIFTCITY

કેન્દ્રીય નાણામંત્રી નિર્મળા સીતારમણે આજે ગુજરાતનાં ગાંધીનગરમાં ગિફ્ટ સિટી અને આંતરરાષ્ટ્રીય નાણા સેવા કેન્દ્ર સત્તામંડળ- I.F.S.C.Aના અધિકારીઓ સાથે બેઠકની અધ્યક્ષતા કરી. નાણાં મંત્રાલયે

સોશિયલ મીડિયા સંદેશમાં જણાવ્યું કે, આ આ બેઠકમાં નાણા અને કૉર્પોરેટ બાબતોના મંત્રાલયના સચિવ, કાનૂની બાબતોના વિભાગના અધિકારીઓ, ભારતીય રિઝર્વ બૅન્કના ડેપ્યુટી ગવર્નર, સેબી ઇન્ડિયાના અધ્યક્ષ સહિતના ઉચ્ચ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

ગુજરાતના નાણામંત્રી કનુ દેસાઈએ સોશિયલ મીડિયા સંદેશમાં જણાવ્યું, કેન્દ્રીય નાણામંત્રીએ નાણા, વાણિજ્ય, બંદરો, શિપિંગ અને જળમાર્ગો, કૉર્પોરેટ બાબતો, મહેસૂલ, કાનૂની બાબતો, DPE, DIPAM અને નિયમનકારો મંત્રાલયના મુખ્ય અધિકારીઓ સાથે GIFT સિટીની પણ મુલાકાત લીધી. તેમની આ મુલાકાત વૈશ્વિક નાણાકીય કેન્દ્રને મજબૂત બનાવવાની ભારતની પ્રતિબદ્ધતાને મજબૂત બનાવે છે.

. . . . . . . . . . .

# GADKARI TOLL TAX

માર્ગ પરિવહન અને રાજમાર્ગ મંત્રી નિતિન ગડકરીએ દ્વિચક્રી વાહનો પર ટૉલટેક્સ લગાવવા સંબંધિત માધ્યમોના અહેવાલને નકારી કાઢ્યા છે. સોશિયલ મીડિયા સંદેશમાં શ્રી ગડકરીએ લખ્યું, આવો કોઈ પ્રસ્તાવ નથી. તેમણે કહ્યું, દ્વિચક્રી વાહનો માટે ટૉલ પર સંપૂર્ણ મુક્તિ યથાવત્ રહેશે. કેટલીક સમાચાર સંસ્થાઓ દ્વિચક્રી વાહનો પર ટૉલ ટેક્સ લગાવવા અંગે ભ્રામક માહિતી ફેલાવી રહ્યા છે.

. . . . . . . . . . .

# AADHAR AUTHENTICATION

સરકારે ઇન્સ્ટિટ્યૂટ ઑફ બેન્કિંગ પર્સનલ સિલેક્શન- I.B.P.S દ્વારા લેવાતી પરીક્ષાઓમાં ઉમેદવારોના દસ્તાવેજોની ચકાસણી માટે આધાર પ્રમાણીકરણના ઉપયોગને મંજૂરી આપી છે.

નાણા મંત્રાલય હેઠળના નાણાકીય સેવા વિભાગ દ્વારા જાહેર કરાયેલા જાહેરનામા મુજબ, I.B.P.S. હવે પોતાની પરીક્ષાઓ અને ભરતીની પ્રક્રિયાઓ દરમિયાન ઉમેદવારોની ઓળખ ચકાસવા આધારનો ઉપયોગ કરી શકે છે. નાણા મંત્રાલયે જણાવ્યું, આ પહેલથી પરીક્ષાઓ દરમિયાન ઉમેદવારોની યોગ્ય ઓળખ કરી શકાશે. અને ખોટી રીતોને રોકી શકાશે.

. . . . . . . . . . .

# REV INDIA SCO

ભારતે ચીનના છિંગદાઓમાં શાંઘાઈ સહકાર સંગઠન- S.C.O.ના સંરક્ષણ મંત્રીઓની બેઠકમાં સંયુક્ત ઘોષણાપત્ર પર હસ્તાક્ષર કરવાથી ઈનકાર કરી દીધો. સત્તાવાર સૂત્રોએ જણાવ્યું, ભારત સંયુક્ત દસ્તાવેજની ભાષાથી સંતુષ્ટ નથી. આ દસ્તાવેજમાં સરહદ પાર આતંકી પ્રવૃત્તિઓનો કોઈ ઉલ્લેખ નથી.

સંરક્ષણ મંત્રી રાજનાથ સિંઘ દ્વારા સંયુક્ત ઘોષણાપત્રનું સમર્થન આપવાનો ઈનકાર કર્યો હોવાથી સંમેલન સંયુક્ત જાહેરાત વગર પૂર્ણ થઈ. S.C.O. ચાર્ટર મુજબ, સંગઠન મતદાન વિના સર્વસંમતિથી નિર્ણયો લે છે અને જો કોઈ સભ્ય દેશ વાંધો ન ઉઠાવે તો તેને અપનાવવામાં આવે છે.

આ પહેલા શ્રી સિંઘે આતંકવાદ, કટ્ટરવાદ અને ચરમપંથવાદ વિરુદ્ધ સંકલિત વૈશ્વિક કાર્યવાહીનું આહ્વાન કર્યું. શ્રી સિંઘે તેને પ્રાદેશિક શાંતિ અને વિશ્વાસ માટે સૌથી મોટું જોખમ ગણાવ્યું. ચીનના છિંગદાઓમાં S.C.O.ના સંરક્ષણ મંત્રીઓની બેઠકને સંબોધતા શ્રી સિંઘે કહ્યું, શાંતિ અને સમૃદ્ધિ આતંકવાદ સાથે ન આવી શકે. ઑપરેશન સિંદૂરથી ભારતે બતાવી દીધું છે કે, આતંકવાદનું કેન્દ્ર હવે સુરક્ષિત નથી અને ભારત તેને નિશાન બનાવવામાં નહીં ખચકાય.

. . . . . . . . . . .

# MEA BRIEFING

વિદેશ મંત્રાલયે જણાવ્યું, શાંઘાઈ સહકાર સંગઠન- S.C.O.ના સંરક્ષણ મંત્રીઓની બેઠકમાં ભાગ લેનારા સભ્ય દેશો સંયુક્ત નિવેદન અપનાવી ન શક્યા. કેટલાક સભ્ય દેશોના કેટલાક મુદ્દાઓ પર સર્વસંમતિ ન બનતા સંયુક્ત દસ્તાવેજને અંતિમ સ્વરૂપ આપી ન શકાયું.

વિદેશ મંત્રાલયના પ્રવક્તા રણધીર જયસ્વાલે આજે નવી દિલ્હીમાં માધ્યમોને સંબોધતા કહ્યું, સંરક્ષણ મંત્રી રાજનાથ સિંઘે S.C.O.ના સંરક્ષણ મંત્રીઓની બેઠકમાં ભાગ લીધો. તેમણે કહ્યું, ભારત ઈચ્છે છે કે, દસ્તાવેજમાં આતંકવાદ પર ભારતની ચિંતાઓને દર્શાવવામાં આવે.

સંરક્ષણ મંત્રીએ સભ્ય દેશોને આતંકવાદના તમામ પ્રકાર સામે લડવા એકસાથે આવવાનું પણ આહ્વન કર્યું.

ઑપરેશન સિંધુ અંગે શ્રી જયસ્વાલે કહ્યું, ઈરાનથી ત્રણ હજાર 426 ભારતીયો અને ઈઝરાયેલથી અત્યાર સુધી 818 ભારતીય નાગરિકોને પરત લવાયા છે. તેમણે કહ્યું, ભારત પોતાનું હવાઈ ક્ષેત્ર ખોલવા ઈરાની સરકારનો આભાર વ્યક્ત કરે છે.

. . . . . . . . . . .

# SHAH HINDI LANGUAGE

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે કહ્યું, હિન્દી અન્ય ભારતીય ભાષાઓની સહયોગી ભાષા છે અને હિન્દીને બીજી ભાષાઓની હરીફ ભાષા ન ગણવી જોઈએ. તેમણે કહ્યું, ભાષા માત્ર સંચારનું માધ્યમ જ નહીં, પરંતુ રાષ્ટ્રની આત્મા છે.

નવી દિલ્હીમાં રાજભાષા વિભાગના સુવર્ણ જયંતી સમારોહમાં શ્રી શાહે ભાષાઓને જીવિત અને સમૃદ્ધ રાખવાની જરૂરિયાત પર ભાર આપ્યો. તેમણે કહ્યું, વહીવટી કાર્ય સામાન્ય બોલચાલની ભાષામાં થવા જોઈએ. જ્યાં સુધી વ્યક્તિ પોતાની ભાષા પર ગર્વ નહીં કરે. પોતાની ભાષામાં પોતાની વાત નહીં કરે. ત્યાં સુધી તે ગુલામીની માનસિકતાથી મુક્ત ન થઈ શકે.

**(BYTE- AMIT SHAH ON JEE NEET)**

. . . . . . . . . . .

## REV AIR INDIA DATA

અમદાવાદમાં તાજેતરમાં દુર્ઘટનાગ્રસ્ત થયેલા એર ઇન્ડિયા વિમાન વિમાન A.I. 171ના બ્લેકબૉક્સમાંથી દુર્ઘટનાનું કારણ જાણવા માટે ડેટા કાઢવામાં આવ્યો છે. બ્લેકબૉક્સથી ક્રેશ પ્રૉટેક્શન મૉડ્યૂઅલને સલામત રીતે કઢાયું છે. તેમજ મેમરી મૉડ્યૂઅલને પણ સફળતાપૂર્ણ મેળવી લેવાયું છે.

આ ડેટા ગઈકાલે દિલ્હીમાં વિમાન અકસ્માત તપાસ સંસ્થા- A.A.I.B.ની પ્રયોગશાળામાં સંગ્રહિત કરવામાં આવી. નાગરિક ઉડ્ડયન મંત્રાલયે એક નિવેદનમાં જણાવ્યું, કૉકપિટ વૉઈસ રેકોર્ડર અને ફ્લાઈટ ડેટા રિકોર્ડર ડેટાનું વિશ્લેષણ ચાલી રહ્યું છે. તેનાથી દુર્ઘટનાનું કારણ જાણી શકાય અને ભવિષ્યમાં આવી ઘટનાઓને રોકવાના કારણોની ઓળખ થઈ શકે. આ બ્લેકબૉક્સને મંગળવારે દિલ્હી લવાયું હતું.

. . . . . . . . . . .

## MANDVIYA AHMEDABAD

કેન્દ્રીય મંત્રી ડૉ.મનસુખ માંડવિયા આજે ગુજરાતના અમદાવાદમાં ભાજપ યુવા મોરચા દ્વારા આયોજિત યુવા સંસદના ઉદ્ઘાટન સમારોહમાં ઉપસ્થિત રહ્યા. તેમણે કટોકટીના વિષય અંગે યુવાનોને સંબોધિત કર્યા. શ્રી

માંડવિયાએ જણાવ્યું, સરમુખત્યારશાહીનો તે સમયગાળો દેશવાસીઓ ક્યારેય ભૂલી નહીં શકે. દરમિયાન તેમણે યુવાનો જ વિકસિત ભારતનું સ્વપ્ન પૂર્ણ કરશે, તેવો વિશ્વાસ વ્યક્ત કર્યો.

. . . . . . . . . . .